# પેન્શનરને મળવાપાત્ર અંત્યેષ્ટિની રકમ

GO

ગુજરાત સરકારે પેન્શનરનું અવસાન થાય ત્યારે પેન્શનરને આર્થિક મુશ્કેલી પડે નહિ તે માટે આવા પેન્શનરને તાત્કાલિક સહાય મળી રહે તે આશયથી એક વધારાનું પેન્શન આપવામાં આવે છે.

**પેન્શનની રકમ** :- અવસાન સમયનું મુળ પેન્શન તથા મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ

**નોંધ**:- મેડિકલ એલાઉન્સનો સમાવેશ થતો નથી.

આ રકમ પેન્શનરે જેને વારસદાર તરીકે નિયુક્ત કરેલ હોય તેને જ મળે છે.

ભવિષ્યમાં કોઇ મુશ્કેલી પડે નહિ તે માટે નોમીનેશન ખાસ કરાવી લેવું.

આવી રકમ કુટુંબ પેન્શનરના અવસાનના સમયે તેના વારસદારને આવી રકમ મળવા પાત્ર નથી.


**My Telegram Channel**

https://t.me/satnamedusafar

Created By

Satnam S.Patel

Adarsh Kanya Vidyalaya,Bhandu

Ta.Visnagar Dist.Mehsana

www.edusafar.com


# પેન્શનરનું અવસાન થતાં કુટુંબ પેન્શન મેળવવા માટે કરવામાં આવતી કાર્યવાહીના મુદ્દાઓ

GO

૧) પેન્શનરના અવસાન અંગેની જાણ સંબધીત તિજોરી અધિકારી તથા બેંકને જાણ કરવી.

૨) પેન્શનરના અવસાનનો અધિકૃત દાખલો સાથે રાખવો. બે-ત્રણ વધારાની ઝેરોક્ષ નકલ સાથે રાખવી

૩) કુટુંબ પેન્શન મેળવનાર પેન્શનરે પ્રથમવાર પેન્શન મેળવવા માટે તિજોરી અધિકારી સમક્ષ રૂબરૂમાં હાજર થઇ સહી કરવાની રહેશે.

૪) તિજોરી અધિકારી સમક્ષ રૂબરૂ હાજર થતી વેળાએ કુટુંબ પેન્શનરે પોતાના પાસપોર્ટ સાઇઝના બે ફોટા રજુ કરવા.

૫) ત્રણ રેવન્યુ ટીકીટ સાથે રાખવી.

૬) કુટુંબ પેન્શનરે પોતાના નામનું વ્યક્તિગત બચત ખાતું બેંકમાં ખોલાવવું અને તેની પાસબુક રજુ કરવી.

૭) દર વર્ષે નિયત સમયે હયાતીનો દાખલો પોતે જે યોજના હેઠળ પેન્શન મેળવતા હોય તે માટે નક્કી કરેલ સમયે રજૂ કરવો.

૮) કુટુંબ પેન્શનરે તેના અવસાન સમયે બાકી નીકળતી લેણી રકમ મળવાપાત્ર વ્યક્તિના નામનું નોમીનેશન અલગ રીતે કરવું.

૯) કુટુંબ પેન્શનરે પોતાની બેંકમાં રાખેલ બચત ખાતામાં બેંકના નિયમાનુસાર નોમીનેશન કરી તેની નોંધ કરાવવી.

૧૦) પેન્શનરની પી.પી.ઓ. બુક (લાલ ચોપડી) સાથે રાખવી.



## પેન્શન મેળવતા કર્મચારીના મૃત્યુ વખતે રાહતની રકમ મેળવવાની અરજીનો નમૂનો

પીળા ખાનાઓમાં વિગતો દર્શાવો.

BACK

નામ:-

સરનામું:-

પ્રતિ,

ટ્રેઝરી ઓફિસરશ્રી,

વિષય :- સેવા પેન્શન મેળવવા નિવૃત્ત કર્મચારીના મૃત્યુ પ્રસંગે આપવામાં થતી રાહતની રકમ મંજૂર કરવા બાબત.

શ્રીમાન,

મારા સદગત પતિ/પત્નિ શ્રી/શ્રીમતી

સરકારશ્રીનું સેવા-પેન્શન મેળવતાં હતાં. મારે દુ:ખ સાથે લખવાનુંકે , તેઓશ્રીનું

ના રોજ અવસાન થયેલ છે. (જે અંગેની નકલ સામેલ છે.)

(૧) મારા સદગત પતિ/પત્નિની નોકરી અને નિવૃત્તિ પછી પેન્શન મેળવતા હતા તેની વિગત નીચે પ્રમાણે છે

(૨) સરકારી પેન્શનરનું પૂરૂં નામ શ્રી/શ્રીમતી :

(૩) નિવૃત્તિની તારીખ:-

(૪) પી.પી.ઓ. નંબર:-

(૫) તેઓ બેંક મારફત તે પેન્શન મેળવતા હતા.
બેંકની શાખા માં તેમના સેવિંગ્સ એકાઉન્ટ નંબર

(૬) તેઓ સેવા પેન્શન આઇ. આર.એલ. એ. સ્કીમ મુજબ બેંક મારફતે મેળવતા હતાં.

(૭) મારા સદગત પતિ/પત્નિનીને સેવા પેન્શન મળતું હતું. તેની પી.પી.ઓ.ની નકલ ટ્રેઝરીમાં છે.ગુજરાત સરકારનાં નાણાં વિભગના તા.૨૬-૧૨-૧૯૮૦ના ઠરાવ નવત-૧૦૮૦-૩૮૩૪-૫ અન્વયે સેવા પેન્શન મેળવતાં નિવૃત્ત કર્મચારીના મૃત્યુ વખતે મળતી બેઝીક પેન્શનની રકમ અને તેના ઉપર મળતા મોંઘવારી ભથ્થાને મળીને જે રકમ થાય તેટલી રકમ મને મળવાપાત્ર છે.
આ રકમ મારા નામના સીંગલ સેવિંગ્સ એકાઉન્ટ નંબર માં જમા આપવા યોગ્ય હુકમો આપવા આપને મારી નમ્ર વિનંતી છે.

મારા સદગત પતિનું/ પત્નિનું મરણ સર્ટિફીકેટ નકલ સામેલ છે.

સહકારની અપેક્ષા સહ

આપનો વિશ્વાસુ

બિડાણ:- (૧) મરણની સર્ટિફીકેટની નકલ

# ફેમિલી પેન્શન મંજૂર કરવા બાબતની અરજી

પીળા ખાનાઓમાં વિગતો દર્શાવો.

નામ:-

સરનામું:

પ્રતિ,

ટ્રેઝરી ઓફિસરશ્રી,

વિષય :- ફેમીલી પેન્શન મંજૂર કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે મારા સદગત પતિશ્રી/ પત્નીશ્રી સરકારશ્રીનું સેવા પેન્શન મેળવતાં હતાં. મારે દુ:ખ સાથે જણાવવાનું કે તેઓશ્રીનું તા. ના રોજ અવસાન થયેલ છે. (મરણની સર્ટીફીકેટ નકલ ઝેરોક્ષ સામેલ છે)

**મારા પતિ/પત્નિ નોકરી અને નિવૃત્તિ પછી પેન્શન મેળવતા હતા તેની વિગત નીચે પ્રમાણે છે:-**

(૧) શ્રી/ શ્રીમતી :-

(૨) નિવૃત્તિની તારીખ:-

(૩) પેન્શન વિભાગ તરફથી મંજૂર થયેલ પી.પી.ઓ. નંબર:

(૪) બેંક મારફતે પેન્શન મેળવતા હતાં. તે બેંકની શાખા માં તેમનો સેવિંગ્સ એકાઉન્ટ નંબર હતો.

(૫) તેઓ સેવા પેન્શન આઇ.આર.એલ.એ. સ્કીમ મારફતે જે નક્કી કરેલ બેંકની શાખામાંથી મેળવતા હતા.

(૬) મારા સદગત પતિ/પત્નિના પી.પી.ઓ.ની એક નકલ ટ્રેઝરી (પેન્શન વિભાગમાં) અને એક નકલ મારી પાસે છે. પી.પી.ઓ.માં જણાવ્યા પ્રમાણે નિયમ મુજબ મળવાપાત્ર કુટુંબ પેન્શન તા. મને મળવું જોઇએ. મારા નામનો સીંગલ એકાઉન્ટ નંબર છે. અને બેંકમાં ખોલાવેલ છે. જેની નકલ સામેલ છે જેથી મને મળવાપાત્ર કુટુંબ પેન્શન તથા તે ઉપર મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ તથા મેડીકલ એલાઉન્સની રકમ મળી કુલ રકમ મારા નામના નવા સેવિગ્સ એકાઉન્ટમાં જમા કરાવવા વિનંતી છે.

(૭) મારા સદગત પતિનું/ પત્નિનું તા. થી સુધીનું મળવાપાત્ર મેડીકલ એલાઉન્સની રકમ પણ મારા નવા સીંગલ એકાઉન્ટ નંબર માં જમા કરવા વિનંતી છે તેમજ કોઇ સરકારી લેણું મારા પતિને/પત્નિને ચુકવવાના બાકી રહી ગયેલ હોય તો તે પણ મારા નામના સેવિગ્સ એકા.માં જમા કરાવ વિનંતી છે.

આ કામ આપના સ્તરેથી વહેલામાં વહેલી તકે થાય તેવી આશાભરી નમ્ર વિનંતી છે.

બિડાણ :

૧. મરણની સર્ટિફીકેટની નકલ

૨. પી.પી.ઓ.ની નકલ

૩. નવા બેંક એકાઉન્ટની નકલ

વારસદારની સહી